

પ્રાંતિજ/તલોદ તાલુકાના ક્ષત્રિય સમાજના અગ્રણી આગેવાનોની બેઠક પાટીદાર બોડીંગમાં મળી હતી. જેમાં સમાજના આગેવાન પ્રો. રંગુસિંહ બી. સોલંકીની આગેવાની હેઠળ ક્ષત્રિય સમાજના આગેવાનોને સમાજની નિરક્ષરતા દૂર કરી નવા વર્ષમાં સાક્ષરતા અભિયાન અપનાવવા અને યુવાનોને રાજ્ય અને નેશનલકક્ષાએ કુશળતા પામવા બદલ તેજસ્વી તારલાઓનું સન્માન કરવા અંગે નોંધ લેવાઈ હતી. જેમાં સોલંકીએ સમાજની કુરિવાજો દૂર કરી વ્યસનમુક્તી અભિયાન ચલાવવા પણ અનુરોધ કર્યો હતો. વધુમાં બહેનો, માતાઓ અને સ્ત્રીઓને પણ સમાજમાં માન-મોભો આપી તેમની કુશળતા અંગે સન્માનીત કરવા પણ પ્રયાશો કરવા જોઈએ આમ સમાજની પ્રગતિ અંગે વિવિધ આયોજનનું પણ બેઠકમાં નોંધ લેવામાં આવી હતી.

## ચોલીયા ગામે જીપે બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

પોશીના તાલુકાના ચોલીયા ગામની સીમમાંથી બે દિવસ અગાઉ પસાર થઈ રહેલ જીપનાચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી સામેથી આવતા બાઈકને ટક્કર મારી બાઈકચાલકને ગંભીર ઈજા પહોંચાડતા તેનું મોત નિપજ્યું હતુ. જે અંગેની ફરીયાદ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

## શ્રી નંદન કુરિયર ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડ-૨૦૧૯ સમ્માનિત

ગુજરાત સહિત દેશમાં ૭૫૦થી વધુ બ્રાન્ચો ધરાવતી નં. ૧ અને ગ્રાહકોની વિશ્વાસપાત્ર એવી એક માત્ર કુરિયર કંપની શ્રી નંદન કુરિયરની યશકલગીમાં વધુ એક છોગુ ઉમેરાયું છે. તાજેતરમાં શ્રી નંદન કુરિયર કંપનીને ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી છે. ભારતના જાણીતા અને મોટા મિડીયા ગ્રુપ એવા એબીપી ન્યુઝ નેટવર્કની ગુજરાતી ન્યુઝ ચેનલ એબીપી અસ્મિતા દ્વારા યોજાયેલી ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડઝની સેકન્ડ એડીશનમાં શ્રી નંદન કુરિયર કંપનીને ૨૦૧૯નો બ્રાન્ડ લીડરશીપ એવોર્ડ મળ્યો છે.

અમદાવાદમાં યોજાયેલા ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડઝ સમારોહમાં લીડરશીપ એવોર્ડને મેળવ્યા બાદ આ અંગે શ્રી નંદન કુરિયર કંપનીના ડાયરેક્ટર રમેશ ભોગાયતાએ જણાવ્યું કે શ્રી નંદન કુરિયર સર્વિસ આજે ગ્રાહકોના વિશ્વાસથી એક આગવી બ્રાન્ડ બની ગઈ છે અને બ્રાન્ડ લીડરશીપનો એવોર્ડ મેળવતા અમને ખૂબજ ખુશીનો અનુભવ થયો છે. આ એવોર્ડ પાછળ અમારા કર્મચારીઓ તેમજ અમારા માનવંતા ગ્રાહકોનો મોટો ફાળો છે. શ્રી નંદન કુરિયર સર્વિસ કંપની દ્વારા ક્યારેય પણ બીજાથી આગળ નીકળવાની કે વધુને વધુ બ્રાન્ચો ખોલી નેટવર્ક ઉભુ કરવાની સ્પર્ધા નથી ફરી પરંતુ હંમેશા ગ્રાહકને જ કેન્દ્ર સ્થાને રાખી કુરિયર સર્વિસમાં કંઈક નવું આપવાનો પ્રયત્ન કર્યો છે. જેના લીધે જ આજે કુરિયર સર્વિસમાં શ્રી નંદન એક બ્રાન્ડ લીડર બની છે.

શ્રી નંદન કુરિયર કંપનીની સ્થાપના થયાના હજુ માત્ર છ જ વર્ષ થયા છે અને છ વર્ષમાં ટૂંકા ગાળામાં શ્રી નંદન કુરિયરે સારી એવી સફળતા મેળવવા સાથે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે અને આજે ગુજરાતમાં કુરિયર સર્વિસનો પર્યાય બની ચૂકેલી છે શ્રી નંદન કુરિયર પ્રાઈવેટ લિમીટેડમાંથી લિમીટેડ કંપની બનનારી ગુજરાતની એક માત્ર કંપની છે. આ ઉપરાંત શ્રી નંદન કુરિયરને ભારતના વિવિધ જાણીતા અને મોટા મિડીયા ગ્રુપ દ્વારા અનેક એવોર્ડ મળી ચૂક્યા છે. જેમાં ખાસ કરીને દિવ્યભાસકર પ્રિન્ટ મિડીયા ગ્રુપના એમિનન્સ એવોર્ડ ૨૦૧૮થી પણ શ્રી નંદન કુરિયરને નવાજવામાં આવી છે. આ ઉપરાંત ટીવી-૯ મિડીયા ગ્રુપ દ્વારા કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટી એક્સલેન્ટ એવોર્ડથી પણ શ્રી નંદન કુરિયર કંપનીને સમ્માનિત કરવામાં આવી છે.

## નવી સીરીઝ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. વિવિધ પસંદગીના નંબરો માટે ઈ ઓકશનના માધ્યમથી આર ટી ઓ કચેરીને રૂ ૨૦.૧૯ લાખની વધારાની આવક થઈ છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા પસંદગીના નંબરો માટે ઓનલાઈન અરજી કરવામાં આવી હતી. મોટરકારની નવી સીરીઝ પસંદગીના નંબરો માટે ઈ ઓકશનની હરાજી કરવામાં આવી હતી. ફોર વ્હીલરની બી એમ સિરીઝના ૧૧૧૧ નંબર માટે રૂ ૧.૮૫ લાખ રૂપિયા આ ઉપરાંત નં -૧ માટે રૂ ૧.૫૫ લાખ જયારે ૯૯ નંબર ૧.0૧ લાખમાં ફાળવવામાં આવ્યો હતો. જયારે નં -૫ રૂ ૫૦ હજારમાં જયારે ૮ નં -૮૬ હજારમાં વેચાયો છે. પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોની હરાજી કરીને આર ટી ઓ કચેરીએ રૂ ૨૦.૧૯ લાખની વધારાની આવક કરી છે. આર ટી ઓ કચેરી દ્વારા દર વખતે નવી સીરીઝના નંબરોની હરાજી માટે ઈ ઓકશન કરવામાં આવે છે. જયોર જી જે ૧૮ ના પાસિંગ સાથે પસંદગીનો નંબર મેળવવા માટે વાહનમાલિકો મોટી રકમ ચુકવે છે. ન્યુમેરોલોજીમાં માનતા વાહનમાલિકો પણ પોતાના લક્કી નંબર માટે લાખો રૂપિયા ચુકવે છે. જયારે કેટલાક વાહનમાલિકો માટે પસંદગીનો નંબર સ્ટેટસ સિમ્બોલ સમાન હોય છે. આર ટી ઓ દ્વારા દરવખતે સીરીઝ મુજબ ગોલ્ડન અને સિલ્વર નંબરોની હરાજી કરીને તગડી આવક કરવામાં આવે છે. જયારે વાહનમાલિકો પાસેથી તોતિંગ આવક રળતા આર ટી ઓ તંત્રમાં અરજદારો વારંવાર ધક્કે ચઢતા હોવાનો આક્રોશ પ્રવર્તયો છે.

## શંકાસ્પદ મોત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેન્ગ્યુનો રોગચાળો વધુ વકર્યો છે. ચાર વર્ષ પછી શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે.

શહેરમાં ડેન્ગ્યુના વધેલા કેસોના પગલે રાજ્ય સરકારે પણ તંત્રના કાન આમળ્યા હતા. રાજ્યના મુખ્યસચિવશ્રીએ વીડીયો કોન્ફરન્સ કરી હતી તો રાજ્યના આરોગ્ય કમિશનરશ્રીની ટીમે પણ ગાંધીનગરમાં આવી અને માર્ગદર્શન આપ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

શહેરમાં ડેન્ગ્યુના વધી રહેલા કેસોને કારણે તંત્રએ રજાના દિવસોમાં પણ તેની કચેરી ચાલુ રાખી હતી. દિપાવલીના પર્વો દરમ્યાન શહેરમાં ૩૮થી વધુ કેસો મળી આવ્યા હતા. હજુ પણ રોજેરોજ આ કેસો મળી રહ્યા છે.

## ભંગાણના એંધાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માત્ર ૫૬ સીટો મળી છે અને આ ૫૬ સીટો પણ ભાજપ સાથે ગઠબંધનના કારણે મળી છે. જો ભાજપ સાથે શિવસેનાએ ગઠબંધન રાખ્યું ન હોત તો શિવસેના મહારાષ્ટ્રમાં ૨૫ સીટ પણ મેળવી શકવાની સ્થિતિમાં ન હતી. તેમણે કહ્યું હતું કે, હાલમાં શિવસેનાના ૨૫ ધારાસભ્યો તેમની અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના સંપર્કમાં દેખાઈ રહ્યા છે. જો શિવસેના વિપક્ષમાં બેસવાનો નિર્ણય કરશે તો ફડનવીસના નેતૃત્વમાં તેઓ સરકારમાં સામેલ થશે. અપક્ષ ધારાસભ્યના નિવેદનથી મહારાષ્ટ્રની રાજનીતિમાં જોરદાર ગરમી જામી છે.

## વિરોધ પ્રદર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી હતી. દિલ્હીમાં પ્રથમ વખત સેંકડો પોલીસ કર્મીઓ પણ રજૂઆત માટે આગળ આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય હેઠળ દિલ્હી પોલીસ આવે છે. ગૃહમંત્રાલય દ્વારા હાઈકોર્ટમાં અરજી કરીને રવિવારના દિવસે તેના આદેશ પર સ્પષ્ટીકરણની માંગ કરી છે.

## ગુજકોક

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્રવ્યોનો વેપાર કરવો, ખંડણી માટે અપહરણ કરવા, રક્ષણ માટે નાણાં વસુલવા, નાણાંકીય લાભો મેળવવા માટે લોકોને છેતરવાના આશયથી પોન્ઝિ સ્કીમ (કપટયુક્ત યોજના) અથવા મલ્ટી લેવલ માર્કેટીંગ સ્કીમ ચલાવવા જેવા ગુનાઓ નિયંત્રીત થશે.

# આજથી વડનગર ખાતે બે દિવસીય તાના-રીરી મહોત્સવ

## આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ : આવતીકાલે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આવશે

ગાંધીનગર, તા. ૫

કવિ નરસિંહ મહેતાની દૌહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના-રીરીની યાદમાં દર વર્ષે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૬ઠ્ઠી નવેમ્બરે સાંજે ૭.૩૦ કલાકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવ-૨૦૧૯નો શુભારંભ કરવામાં આવશે. જ્યારે તા. ૭ નવેમ્બરે સાંજે ૭.૩૦ કલાકે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં તાના-રીરી મહોત્સવનો સમાપન સમારોહ યોજાશે.

આ મહોત્સવમાં ૬ નવેમ્બરના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તાના-રીરી એવોર્ડ અશ્વિની ભીડે દેશપાંડે અને પિયુ સરખેલને આપવામાં આવનાર છે. પ્રથમ દિવસે એવોર્ડી કલાકારો શાસ્ત્રીય ગાયન રજુ કરનાર છે. આ ઉપરાંત અનુરાધા પૌડવાલ દ્વારા ગાયન અને ડૉ. ધ્વીન વચ્છરાજાની, ગાર્ગી વોરા અને ભક્તિ જોષી દ્વારા શાસ્ત્રીય ગાયન રજુ થનાર છે. ૬ નવેમ્બરે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવે અને રમતગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત પ્રથમ દિવસે વિવિધ વિશ્વ રેકોર્ડ પણ થવાના છે જે અંગેના કાર્યક્રમો ૬ નવેમ્બરે સાંજે ૪ કલાકથી યોજાવાનો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડનગરની સંગીત બેલડી નાગર બહેનોની યાદમાં તાના-રીરી મહોત્સવનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા કલા અને સાંસ્કૃતિ વારસો જાળવી રાખવાનું કામ તાના-રીરી મહોત્સવ દ્વારા થઈ રહ્યું છે. તાનસેનને દીપક રાગનું ગાન કર્યું જેનાથી તેના શરીરમાં અગનજવાળાઓ ઉઠી અને મેઘ મલ્હાર રાગ ગાઈ તાના-રીરી બહેનોએ શાંત કરી હતી. આ બાબતની જાણ થતાં અકબર બાદશાહે બે બહેનોને દિલ્હી દરબારમાં બોલાવ્યા પરંતુ બે બહેનો ત્યાં ન જતા વડનગર ખાતે જાતે અગ્નિસ્નાન કર્યું હતું. બે બહેનોની યાદમાં રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે તાના-રીરી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે.

તાના-રીરી મહોત્સવ દર વર્ષે કારતક સુદ નોમના દિવસે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૦થી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરાઈ હતી. આ એવોર્ડમાં રૂ. ૫ લાખની રાશી (સંયુક્ત રીતે રૂ ૨.૫૦ રૂપિયા), તામ્રપત્ર અને શાલ એનાયત કરવામાં આવે છે. પ્રથમ વર્ષે ૨૦૧૦-૨૦૧૧માં સંયુકત રીતે સંગીત બેલડી લતા અને ઉષા મંગેશકરને, બીજા વર્ષે ૨૦૧૧-૨૦૧૨માં પદ્મભૂષણ ગિરીજાદેવીને, ૨૦૧૨-૨૦૧૩માં કિશોરી અમોનકર, ૨૦૧૩-૨૦૧૪માં બેગમ પરવીન સુલતાના, ૨૦૧૪-૨૦૧૫માં સ્વર યોગીની ડૉ. પ્રભા અત્રે, ૨૦૧૫-૨૦૧૬માં શ્રીમતી વિદુષી મંજુબહેન મહેતા અમદાવાદ અને ડૉ. શ્રીમતી લલીત જે રાવ મહેતા બેંગ્લોરને અર્પણ કરાયો હતો. ૨૦૧૬-૨૦૧૭નો એવોર્ડ પદ્મશ્રી આશા ભોંસલને અર્પણ કરાયો હતો. ૨૦૧૭-૨૦૧૮નો સંયુક્ત રીતે પદ્મભૂષણ ડૉ. શ્રીમતી એન. રાજમ અને વિદુષી રૂપાંદે શાહને અર્પીત કરાયો હતો.



આજે વિશ્વ હિન્દુ ડીસા પખંડ દ્વારા મંગળવારે ગોપાષ્ટમીના દિવસે ગૌપૂજન કરવામાં આવ્યું હતું. સમગ્ર હિન્દુ સમાજમાં ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. શાસ્ત્રોમાં પણ ગૌમાતાનું વિશેષ સ્થાન રહેલું છે. હિન્દુ માન્યતા મુજબ ગાયમાં ૩૩ કરોડ દેવતાનો વાસ રહેલો છે તેવું શાસ્ત્રમાં ઉલ્લેખ છે. પુજનીય એવી આ ગૌમાતાનું આજે ડીસા સરદાર બાગ નજીક વિશ્વ હિન્દુ પરિસદ ડીસા પખંડ દ્વારા ઉપસ્થિત કાર્યકરો દ્વારા વિશિષ્ટ રીતે પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિસદના કાર્યકરો સહિત ડીસાના અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.


